

## સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

### સલામી સવારની..

(રજત જયંતી વર્ષ)

ખંડ નથી શાળાઓમાંને, બાળ-ઘેટાં પૂરી નાખો!
નથી વિદ્યાર્થી કે ગ્રાંટ, ખાલી જગ્યાઓ ભરી નાખો!
કરી નાખો નાટક પરીક્ષાનું ભણાવ્યા વિના જ -
શિક્ષણ-ગોરને ફોડી વિધિ પૂરી, કરી નાખો!

હાઈકુ

ખાડે જ નહીં -
ગયું છે ઊંડી ખાઈમાં -
શિક્ષણ સ્તર...

કોરોના ગ્રસ્ત,
છે વેન્ટીલેટર પર -
શિક્ષણ શ્વાસ!

### ચિંતન

*નિર્વાણદીપે કિમુ તૈલદાનં ચૌરે ગતે વા કિમુ સાવધાનમ્? ।*
*વયો ગતે કિંમ વનિતાવિલાસઃ પયો ગતે કિં ખળુ સેતુબંધ ॥*

ઉપરોક્ત શ્લોક સંસ્કૃત સુભાષિત પદાવલિમાંથી લેવામાં આવેલ છે.

અહિંયા ઘોટા છૂટી ગયા પછી તબેલાને તાળા મારવાની પરિસ્થિતિની વાત છે. દીવો ઓલવાઈ જાય પછી દીવામાં તેલ પૂરવાનો અર્થ શું? ચોર ચોરી કરી જાય પછી સાવધાની રાખવાનો અર્થ શું? ઉંમર વીતી ગયા પછી સ્ત્રી વિલાસની અપેક્ષા રાખવાનો અર્શ શું?પાણી વહી ગયા પછી પાળ બાંધવાનો અર્શ શું?

સામાન્ય માણસની પ્રકૃતિ જ કંઈક આવી છે, જ્યારે સમય હોય ત્યારે જીવનમાં બેદરકારી, અનિમયિતતા, વ્યસન અને કુટેવોમાં સમય-તંદુરસ્તી બગાડી નાખે છે, પછી બ્લડપ્રેસર - ડાયાબિટીશના રોગ તયા પછી કસરત શરુ કરવાની ઈચ્છા થાય છે. ડોકટરો 'બેડ રેસ્ટ'ની સલાહ આપતા હોય છે.

### સુવિચાર

- પ્રેમ પીપળ કા બીજ હૈ, જહાં સંભાવના નહીં વહાં ભી પનપ જાતા હૈ - **ક્રિશ્નાપ્રિયાજી મહારાજ**
- પ્રજ્ઞાશક્તિ કહે છે કે 'ચેત' ને 'જો' - **આપ્તસૂત્ર**
- લક્ષ્મી સંઘરશો તો ઘટશે પણ વહેંચશો તો વધશે.
  દાનધર્મની પૂર્ણતા છે અને ધર્મ નો શૃંગાર છે - **જીવન પાથેય**
- સમયની એવી ગાડીમાં આપણું જીવન ચાલી રહ્યું છે કે
  જે ગાડીમાં 'રિવર્સ ગિયર' પણ નથી અને 'બ્રેક' પણ નથી - **મનહર મોદી**
- પાઠ કરે જે પ્રેમથી, સદાય પ્રાતઃકાળ, રામભક્ત જેનો જગે,
  થાય ન વાંકો વાળ - **ધર્મલોક**
- ગરીબાઈથી ડરી જાઓ તો એ ગુંડાનું કામ કરે છે પણ એક મર્દની જેમ તેને મળો તો તે પૂરેપૂરી સારા સ્વભાવની છે - **ક્રિશ્ચિપીન લાર્સન**
- આજનું ઔષધ : મરી પાઉડર અને મિસરી સરખે ભાગે લઈ ચપટી જીભ પર મૂકી રાખી થોડીવારમાં ગળી જવી. આમ કરવાથી સૂકી ખાંસી મટે છે **(સંકલન : દીપક વી. આશરા)**

### બોધકથા

સમ્રાટ ચંદ્રગુપ્તના શાસનમાં મહામંત્રી ચાણક્યના માર્ગદર્શન અને સલાહ સૂચન મુજબ રાજય ચાલતું. ચાણક્યએ રાજાના રસોડામાં પણ એવી સૂચના આપી હતી કે રસોઈ માટે જોઈતું બળતણ પણ વજન કરીને અપાતું. વળી વધારે બળતણ ન બળે તેવી ચોકસાઈ રાખવાની કડક સૂચના હતી. આવી વ્યવસ્થા જોઈને એક દરબારીએ ચાણક્યને ફરિયાદ કરી. 'બળતણ પણ જોખી જોખીને આપવામાં આવે. આટલી બધી કંજૂસાઈ?' ચાણક્યએ કહ્યું, 'ના, એ કંજૂસાઈ નથી, પણ રાજયના ભંડારમંથી એક પાઈ પણ ખોટી રીતે ન વેડફાય તે માટે તકેદારી છે!! તમો જાણો છો? રાજય પાસે ધન કયાંથી આવે છે??' દરબારીએ કહ્યું, 'પ્રજા પાસેથી કરવેરા વસૂલીથી રાજયને આવક થાય.' ચાણક્ય : માટે રાજયનો ભંડાર ખરી રીતે પ્રજાનો ગણાય ખરું ને?? દરબારી કહે : 'હા, એક રીતે જોઈએ તો તે પ્રજાનો ગણાય.' ચાણક્ય 'લોકો પોતાનું બળતણ આડેધડ વાપરે છે કે કરકસરતાપૂર્વક?' દરબારી : 'કરકસરપૂર્વક.'

ચાણક્યએ કહ્યું, 'બસ, તો સમજી લ્યો કે રાજયનો ભંડાર એ પ્રજાનો ભંડાર છે. રાજા તો એનો ટ્રસ્ટી (વાલી) ગણાય. પ્રજા જયારે પોતાના પૈસા રાજાને સોંપે, ત્યારે રાજાની ફરજ એ છે કે એમાંથી એક પાઈ પણ ખોટી વેડફાય નહીં. આથી જ મેં રસોડા માટે જોઈતું બળતણ જોખીને આપવાની સલાહ આપી છે.'

દરબારીના દીલને ચાણક્યની વાત સાંભળી શાંતી થઈ.

# ઐતિહાસિક ઘટનાનું પાવન સ્મરણ

**તંત્રીસ્થાનેથી...**

મહાત્મા ગાંધીએ એમનું આખું જીવન 'સત્યના પ્રયોગો' કરવા માટેની લેબોરેટરીમાં ફેરવી નાખ્યું હતું. એમણે બહુ જ નિખાલસતાપૂર્વક ભૂલોની કબૂલતા પણ કરી અને જયાં જરૂર લાગી ત્યાં પોતાની વાત પર ચટ્ટાનની જેમ અડીખમ ઊભારહ્યા. જયાં પોતાના સત્યાગ્રહનો સમજયા વગર અનુયાયીઓ આડે માર્ગે ફંટાતા લાગ્યા ત્યાં એમને બોઠપાઠ આપવા માટે આંદોલન સમેટી લેતાં પણ એ અચકાયા નહોતા. એમના પ્રયોગશીલ જીવનની સૌથી અગત્યની ઘટનાઓમાં મીઠાનો સત્યાગ્રહ અને 'કરેંગે યા મરેંગે - ક્વીટ ઈન્ડિયા' આંદોલનનો સમાવેસ થાય છે. ચપટીભર મીઠું ઉપાડીને આ મૂઠી હાડકાંના માણસે વિશાળ બ્રિટીશ સામ્રાજયના પાયા હચમચાવી નાખ્યા હતા. દક્ષિણ આફ્રિકાના સફળ સત્યાગ્રહ પછી ગાંધીજી સને ૧૯૧૫માં ભારત પરત ફર્યા અને એમના રાજકીય ગુરુ ગોપાળકૃષ્ણ ગોખલેની સલાહ અનુસાર પૂરું એક વરસ ભારતદર્શન કરી લીધા પછી સક્રિય રાજકારણમાં જોડાયા. એમના ભારત આગમનનાં પંદર વર્ષ પછી ૧૯૩૦ની ૧૨મી માર્ચે એમણે અંગ્રેજી હકૂમતના કાળા કાયદા સમાન 'સોલ્ટ - અકટ' મીઠા ઉપર કર નાખવાના હુકમનો ખુલ્લેઆમ વિરોધ કરવા માટે સાબરમતી આશ્રમથી દાંડીના દરિયા કિનારા સુધી ચુનંદા સત્યાગ્રહીઓ સાથે પદયાત્રા કરી હતી. પદયાત્રાના એ માર્ગને કૃતજ્ઞ રાષ્ટ્રે રાષ્ટ્રીય ધરોહર ઘણી એનાં વિવિધ વિરામ સ્થાનો પર એ ઐતિહાસિક ઘટનાની યાદ દરેક ભારતવાસીના દિલોદિમાગમાં તાજી રહે એ માટે સ્મૃતિવંદના સુનિશ્ચિત કરી છે. દાંડીકૂચને તત્કાલીન અખબારોએ હેડલાઈન બનાવીને બિરદાવી હતી. બ્રિટીશ શાસન સામેનો આ એક ખુલ્લો પડકાર હતો જેને દેશવાસીઓ એકી અવાજે વધાવી લીધો હતો. સત્યાગ્રહીઓ જે જે સ્થળોએથી પસાર થયા હતા ત્યાં એમને ઉમળકાભર્યો પ્રતિસાદ સાંપડ્યો હતો. અંગ્રેજ સત્તાધીશોની જોહુકમી કે જેલનો ડર રાખ્યા વગર ગુલામીની જંજીરોમાંથી મુક્ત થવા જંખતી પ્રજાને આ કાર્યક્રમ દ્વારા અનોખી ઊર્જા સાંપડી હતી. રચનાત્મક કાર્યક્રમોની સાથે જ રાજકીય આંદોલન સંપન્ન થયું હતું અને આઝાદગીની માંગનો અવાજ બુલંદ બની છેક લંડનની પાર્લામેન્ટ પર્યંત પડઘાયો હતો. આઝાદીનું પંચોતેરમું વર્ષ બેસી રહ્યું છે ત્યારે આઝાદીના અમૃત મહોત્સવનો પ્રારંભ કરતાં દેશ એના રાષ્ટ્રનાયકની એ ભવ્ય પદયાત્રાને કૃતજ્ઞતાપૂર્વક યાદ કરે છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદી એમની વ્યસ્તતાઓમાંથી નવરાશ કાઢી દાંઢી કૂચ દિવસે અમદાવાદ પધારી એ ઐતિહાસિક યાત્રાનું પુનઃપ્રસ્થાન કરાવશે. તેઓ પોતે પણ એ માર્ગે થોડાં ડગ ભરશે. અગાઉના આપણા દેશનેતાઓએ પણ દાંડીકૂચનો મહિમા પોતપોતાની રીતે પ્રમાણ્યો હતો. કોંગ્રેસના પ્રદેશ એકમે પણ દાંડીયાત્રા કરવાનો સંકલ્પ જાહેર કર્યો છે. મહાત્મા ગાંધીના જ નહીં બલકે એક મહાન રાષ્ટ્ર તરીકે સ્વતંત્ર ભારતના ઈતિહાસની આ અભૂતપૂર્વ ઘટનાનો વિશ્વ વિધ રુપે સ્મરણોત્સવ ઊજવાય તે કૃતજ્ઞ રાષ્ટ્રની રાષ્ટ્રપિતાને શ્રદ્ધાંજલિ જ ગણાશે.

# મહાલક્ષ્મી અને ફૂલલક્ષ્મી

અમર વારસો
ડૉ. રશ્મિકાન્ત મહેતા



રુક્મિણી અને ફુલલક્ષ્મી - બે બહેનો. રુક્મિણીનાં લગ્ન ભગવાન શ્રીકૃષ્ણ સાથે થયા હતા. નાની બહેન ફુલલક્ષ્મી તેમની સાથે રહેતી હતી.

બંને બહેનોમાં હેતપ્રેમ બહુ. પણ સ્વભાવમાં તફાવત. મોટી સૌમ્ય અને શાંત, પરંતુ નાની નટખટ અને રમતિયાળ - બધાંને હેરાન પરેશાન કરે. કોઈનું માને નહિ.



રુક્મિણીએ એકવાર શ્રીકૃષ્ણને કહ્યું - 'આના વિવાહ કરી નાખીએ, તો ઠરીઠામ થઈ જ જશે, સુધરી જશે.' શ્રીકૃષ્ણે કહ્યું, 'મારી નજરમાં એક તપસ્વી યુવક છે, મારો ભક્ત છે.' રુક્મિણી રાજી થઈ ગઈ.

યમુના નદીને કિનારે ગાઢ વન હતું - એકદમ નિર્જન. તેમાં હરદેવ નામના આ તપસ્વી યુવાન સાધુની પર્ણકુટિ હતી. સમગ્ર દિવસ ધરમધ્યાનમાં વીતાવે. શ્રીકૃષ્ણ આવીને, એને મળ્યા. શ્રીકૃષ્ણની ઈચ્છા તો હરદેવ ન જ ઉથામે. એણે સંમતિ આપી. હરદેવ અને ફુલલક્ષ્મીનાં ગાંધર્વવિધિથી લગ્ન થયાં.

ફુલલક્ષ્મી પરણીને પર્ણકુટિમાં રહેવા આવી ગઈ. પરંતુ એનો લગ્નજીવનનો આનંદ વધુ સમય ન રહ્યો. 'એક તો આજુબાજુ કોઈ વસતી નહિ, એકદમ નિર્જન વિસ્તાર. અને વધારામાં, આ હરદેવ આખો દિવસ ધરમધ્યાનમાં મગ્ન રહે.' એનો જીવ મૂંઝાયા કરે. એ છાને ખૂણે રડ્યા કરે. હરદેવનું ધ્યાન ગયું. એણે પૂછયું - 'દેવિ! તમે આનંદમાં કેમ નથી? દુઃખ શેનું છે?' ફુલલક્ષ્મીએ પોતાનું દુઃખ કહ્યું અને નિર્ણય આપ્યો - 'મને નહિ ફાવે. મારે રહેવું નથી.'

હરદેવને ખ્યાલ આવી ગયો. એકવાર એ ફૂલલક્ષ્મીને લઈને, મોડી સાંજે વનમાં નિકળ્યો. એક ઘટાદાર પીપળો હતો. ત્યાં ઊભો રહ્યો. 'કંઈક' નિર્ણય લીધો. એ બંને પીપળા ઉપર ચડવા લાગ્યા. છેક ઊંચી ડાળીએ ફુલલક્ષ્મીને બેસાડી. 'હમણાં આવું છું' કહીને પોતે નીચે ઊતરીને જતો રહ્યો.

અંધારું થવા માંડ્યું. હવે ફુલલક્ષ્મીને ચિંતા એન પછી ભય થવા લાગ્યો. નીચે ઊતરતા ન આળે. એ રડવા લાગી.

રુક્મિણીએ શ્રીકૃષ્ણને કહ્યું, 'મને સારો અણસાર નથી. તમે ફુલલક્ષ્મી પાસે જાવ. એ દુઃખમાં લાગે છે.' શ્રીકૃષ્ણ પીપળાનાં વૃક્ષ પાસે આવ્યા. એને સહાનુભૂતિથી પૂછ્યું, 'તું શા માટે રડે છે?' ફુલલક્ષ્મી શ્રીકૃષ્ણને જોઈને સ્વસ્થ થઈ. એણે પોતાની વીતકકથા કહી.

શ્રીકૃષ્ણે જવાબ આપ્યો. 'હરદેવ મારો પ્રિય છે. એણે જે કાંઈ કર્યું છે, એ વિચારીને કર્યું છે. પીપળાનું વૃક્ષ મારું પોતાનું સ્વરુપ છે. અહીં ભગવતી મહાલક્ષ્મીનો વાસ આ વૃક્ષમાં છે. હવે તું પણ, તારું આ સ્થૂળ સ્વરુપ છોડી દઈશ અને સૂક્ષ્મ સ્વરુપે આમાં રહીશ. તારો પીપળામાં મહાક્ષ્મીની જેમ ચિરંજીવ સૂક્ષ્મ નિવાસ રહેશે.

પીપળે પાણી રેડીને, પ્રદક્ષિણા કરીને, પૂજા સૌ કોઈ કરે છે. પરંતુ શનિવારે સૂર્યોદય પહેલાં જે કોઈ આ રીતે પૂજા કરશે. તેના ઘરમાં મહાલક્ષ્મીનો વાસ રહેશે અને સૂર્યોદય પછી પૂજા કરશે, એના ઘરમાં તારો ફુલલક્ષ્મીનો વાસ રહેશે.'

ફુલલક્ષ્મીએ શ્રીકૃષ્ણને પ્રણામ કર્યા.

# 'સ્ત્રી-શક્તિ-જાગૃતિ' સમાજનું સંચાલન માતૃશક્તિના હાથમાં હોવું જોઈએ

જીવન ચરિત્ર
સતીષ શામળદાન ચારણ
sscharan_aaa@yahoo.co.in



આંતર રાષ્ટ્રીય મહિલા દિવસની ઉજવણી એ શક્તિ-સ્વરૂપા સ્ત્રી શક્તિ અત્યારે સુપ્ત અવસ્થામાં છે તેને જાગૃત કરી તેની અસલિયત પ્રગટ કરવાનો આ પ્રયાસ છે...સ્ત્રીત્વને વધુ ઉજ્જ્વળ બનાવી, તેના વિશે સભાન બનાવવાનો પ્રયાસ...સ્ત્રીના વાસ્ત્લ્યમાં વ્યાપકતા છે, પણ મોહ નથી, જેનામાં કર્તુત્વ છે પણ લોભ નથી, સદગુણ હોવા છતાંય જેનામાં તે વિષે અહંકાર નથી, આવા સ્ત્રીના ગુણોનો સમાજમાં ફેલાવો થાય, તેના ગુણોનું સમાજમાં પ્રભુત્વ વધે, તેનું આંતરિક સત્વ જાગૃત થાય તથા સમાજમાં તેની સુગંધ ફેલાય, મહિલાઓના જરૂરી ઉત્કર્ષ માટે લોકોને કટીબદ્ધ કરવા, શિક્ષણનો વ્યાપ વધે, કુરિવાજો તથા રૂઢિઓમાંથી બહાર આવે તે ઉદ્દેશ્યથી કરવામાં આવે છે. આંતરરાષ્ટ્રીય મહિલા દિવસની ઉજવણી સૌથી પહેલાં ૧૯૧૧માં ઑસ્ટ્રિયા, ડૅન્માર્ક, જર્મની અને સ્વિટ્ઝર્લૅન્ડમાં કરવામાં આવી હતી. ૨૦૨૧ના આંતરરાષ્ટ્રીય મહિલા દિવસનો થીમ છે. 'Choose To Challenge'.

સ્ત્રીશક્તિ એ સર્જનાત્મક શક્તિ છે, પ્રેમશક્તિ છે, આત્મશક્તિ છે. એટલે કે ' સ્ત્રી-જાગૃતિ હ્વ એમ નહિ પણ ' સ્ત્રી-શક્તિ-જાગૃતિ' નું કામ કરવાનું છે. સંસ્કૃતમાં સ્ત્રી માટે અનેક શબ્દો છે. તેમાંથી એક અબળા ને બીજો મહિલા. અબળાનો અર્થ છે દુર્બળ – જેનું રક્ષણ બીજાએ કરવું પડે, અને મહિલાનો અર્થ થાય છે મહાન, ખૂબ તાકાતવાળી. વિનોબાજી કહેતા કે, 'મેં ક્યાંય અબલા- સમિતિ નથી જોઈ પણ મહિલા સમિતિ જોઈ છે.' બહેનોએ પસંદગી મહિલા શબ્દની કરી. અર્થાત તેમણે જ નક્કી કર્યું કે તે મહાન શક્તિ છે.

સ્ત્રીઓના ઉદ્ધાર માટે ભારતમાં પ્રાચીનકાળમાં ભગવાન કૃષ્ણ અને મહાવીરે પ્રયત્નો કર્યા. જ્યારે અર્વાચીનકાળમાં ગાંધીજીએ. દારૂની દુકાને પિકેટિંગ સ્ત્રીઓ દ્વારા કરાવ્યું. લોકો બોલ્યા ! જ્યાં અનીતિમાન લોકો જાય છે અને તમામ પ્રકારનાં ખરાબ કામો કરે છે, એવા લોકોની વચ્ચે સ્ત્રીઓ શું કરશે? પણ ગાંધીજીનો જવાબ હતો 'જે પતિત છે તેની સામે આપણી પાસે જે ઊંચામાં ઊંચી નૈતિક શક્તિ છે, તેને મોકલવી જોઈએ. ' અને જે કામ થયું તેમાં દુનિયા વિસ્મયપૂર્વક સાક્ષી બની. આ દ્વારા ગાંધીજીએ જગતને શીખવ્યું કે સ્ત્રી સમાજ-પરિવર્તનના કામમાં પુરુષ જેટલું જ અને કોઈ કોઈ બાબતમાં પુરુષો કરતાં ચડિયાતું યોગદાન આપી શકે છે. ગાંધીજીએ કહ્યું કે " સ્ત્રીને અબળા જાતિ કહેવી એ તેની બદનક્ષી કરવા બરાબર છે." તેનામાં પશુબળ નહી પણ નૈતિક બળ છે. કુદરતે સ્ત્રી અને પુરુષને બેઉને એકબીજાની અવેજી સારું નહી પણ એકબીજાના પૂરક થવા સારું સર્જ્યા છે. અમુક પ્રાકુતિક ભેદ બાદ કરતાં સ્ત્રી અને પુરુષ સમાન જ છે. અમુક કામ સ્ત્રીઓ જ કરે- આવો ભેદ તોડવો જરૂરી છે. ' સ્ત્રીને ટુકડામાં વહેંચી નાખી છે.' પણ, સ્ત્રી પુરુષ કરતાં કોઈ રીતે ઊતરતી નથી. હા, તેની શારીરિક શક્તિ પુરુષની સરખામણીમાં કદાચ કાંઈક અંશે ઓછી હશે. પણ જે સ્ત્રી કરી શકે છે તે પુરુષ કરી શકતો નથી. સ્ત્રી જેટલું સહન કરી શકે છે, તિતિક્ષા ઝીલી શકે છે. સંતાનોત્પતિની કઠણમાં કઠણ પ્રક્રિયામાંથી પસાર થઈ શકે છે. તે જોતાં સ્ત્રીની શારીરિક શક્તિ ઓછી માની શકાય તેમ નથી. ને મોટા રાક્ષસી શક્તિઓનો વિનાશ પણ દેવીઓના હસ્તે જ તો થયો છે આથી તો નારી ને શક્તિનું રૂપ કહે છે. આટલી શક્તિ હોવા છતાં સ્ત્રી સંસાર અને પરમાર્થ બંનેના મધ્યબિંદુમાં છે. સાંસારિકો માટે તે ભોગની વસ્તુ બની અને પરમાર્થીઓએ સ્ત્રીને બંધનમાં ફસાવનારી છે તેથી તેના પ્રત્યે ધૃણા, તિરસ્કાર એટલી હદે રાખ્યા કે તેનું મોં જોવું પણ ખોટું ગણ્યું ! ક્યારેક 'અખંડસૌભાગ્યવતી' તો ક્યારેક 'ગંગાસ્વરૂપ' કહીને સ્ત્રીશક્તિને સીમિત કરેલ છે. સ્ત્રી-પુરુષનો ભેદ તો આકૃતિમાત્રનો ભેદ છે. અંદરનો આત્મા તો એક જ છે. સ્ત્રીની આંખો જ આત્મા હોય છે. સ્ત્રી હાઉસ વાઈફ હોય કે વર્કિંગ વુમન હોય પણ એનું પોતાનું સ્થાન હોવું ખૂબ જ અગત્યનું છે.

વિનોબાજી કહેતા કે પુરુષોની બુદ્ધિએ મોટે ભાગે સર્વનાશની જ રચના કરી છે. કેટલી લડાઈઓ થઈ ! પુરુષોની રાજનીતિનાયે કેવા હાલ છે. સામાજિક આક્રમણનો સામનો કરવા સ્ત્રીએ પોતાની આત્મશક્તિ દ્વારા સંયમની સાધના કરવી પડશે. તેનામાં આધ્યાત્મિક ક્ષમતા પડી છે. શક્તિનું અધિષ્ઠાન છે. પોતાના આચરણ અને વિચારો દ્વારા પોતાનો પ્રભાવ પેદા કરવો પડશે. સ્ત્રીઓએ સમાજની શાંતિરક્ષા અને શીલરક્ષાની જવાબદારી ઉઠાવવા આગળ આવવું પડશે. સમાજનું સંચાલન માતૃશક્તિના હાથમાં હોવું જોઈએ. જગતના મહાન તીર્થ સમાન માતાની ગોદમાં પોતાનાં સંતાનો માટે કોઈ ભેદભાવ નથી હોતો, તેમ સમાજમાં વર્ગભેદ, વર્ણભેદ આદિ ન રહે તે રીતે સમાજને પ્રેમના સંસ્કાર આપી સમાજની નવેસરથી રચના કરવી પડશે. નવી સમાજરચનાના પાયામાં માતૃત્વભાવ હશે. માતૃશક્તિ એક સર્જનાત્મક શક્તિ છે, વ્યવસ્થા શક્તિ છે, કલ્યાણકારી શક્તિ છે. સમાજમાં રચનાત્મક રાજનીતિ, અર્થનીતિ, વ્યવસ્થા સંચાલન આદિ માતૃત્વની ભાવનાથી કરવાં પડશે. આ માટે બગાવત કરવી એ અવિનય કૃત્ય છે એમ ન માનવું જોઈએ પણ બગાવત એ રીતે કરવી જોઈએ તેમાં દેહપરાયણતા ઓછી થાય અને આત્મ-પરાયણતા વધે ઉપરાંત તે શુદ્ધતા અને સમજપૂર્વકની હોવી જોઈએ. સમાજને સર્વનાશના નહીં પણ સર્વોદયના માર્ગે, સંસ્કૃતિના માર્ગે આગળ વધારવો પડશે તે માટે માતૃશક્તિએ, પ્રેમની શક્તિએ સક્રિય થવું પડશે. નહિ તો ભસ્માસુરે પોતાના જ માથે પોતાનો હાથ મૂકીને પોતાને ભસ્મ કરી નાખેલો, તેવા જ હાલ આજની આ પુરુષ સંચાલિત દુનિયાના થશે. સમાજને સ્ત્રીના સ્નેહ, માર્દવ, ઋજુતા આદિ ગુણોનો સ્પર્શ થવો જોઈએ. આમ, પુરુષ સમોવડી ગણાઈને સ્ત્રીએ પુરુષની નકલ કરવાની નથી, તેનું આંધળું અનુકરણ કરવાનું નથી; પરંતુ તેણે તો પોતાના આગવા વ્યક્તિત્વની છાપ બધે છોડવાની છે. ' સ્ત્રી હ્વ શબ્દ ' સ્તૃ હ્વ ધાતુનો બનેલો છે. સ્તૃનો અર્થ છે વિસ્તાર કરવો, ફેલાવવું. સ્ત્રી એટલે ફેલાવનાર. પ્રેમને આખી દુનિયામાં ફેલાવનાર. સ્ત્રી શબ્દમાં જ સ્ત્રીનું કાર્ય સૂચિત કરવામાં આવ્યું છે. પ્રેમનો વિસ્તાર, પ્રેમની વ્યાપકતા સ્ત્રી દ્વારા જ થશે. સ્ત્રી સમાજને તારવાવાળી, તારિણી-શક્તિ છે. માતૃશક્તિ જ્યારે ઘરની બહાર પણ સક્રિય બનશે, ત્યારે આજે મુખ્યત્વે કુટુંબમાં જ મર્યાદિત રહેલો પ્રેમ સમાજમાંયે સહેલાઈથી પ્રસરશે. આપણે સ્ત્રીને જાગૃત કરીને એનું સ્ત્રીત્વ નાબૂદ નથી કરવું પરંતુ પોતાનું સ્ત્રીત્વ બરાબર જાળવી રાખીને નારી પુરુષના જેવી સ્વતંત્રતાની અધિકારી બની રહે, એવો મહિમા આજે થવો ઘટે. સ્ત્રી હોવું એ લાંછન નથી કે ભારરૂપ નથી. ભલે તે કોઈને જન્મ ન આપીને કોઈની જનની ન થઈ હોય, તો પણ તે જગન્માતા થવાને લાયક છે.

(મો.) ૯૪૨૮૨ ૧૯૦૩૧

# 'ટગ ઓફ વૉર' કે 'ટંગ ઓફ વૉર'?

હળવે હૈયે
પ્રકાશ લાલા



'સાબરકાંટા - ગુજરાતની બહેનો નવી દિલ્હી ખાતે યોજાનાર 'ટગ ઓફ વોર' કોમ્પિટિશનમાં ભાગ લેવા જશે.'

એવા છાપામાં આવેલા સમચાર ઉપર અમારું જરા ધ્યાન ગયું... અમે આપણી આ સ્પોર્ટસ વીમેનને મનોમન અભિનંદન આપ્યા.

પણ જેની ઉપર અમારું જરા ધ્યાન ગયેલું એ જ 'ન્યૂઝ' પર અમારા રેડ અંકલનું વધારે પડતું ધ્યાન ગયેલું.

એટલે એમણે કહ્યું : 'પનુભાઈ, આ સમાચારમાં ભૂલ છે - મુદ્રણદોષ છે!'

'હેં? શું મુદ્રણદોષ છે આમાં?'

'કોમ્પિટિશન' 'ટગ ઓફ વોર' નહીં પણ 'ટંગ (tongue) ઓફ વોર' એમ હોવું જોઈએ.

'ટંગ ઓફ વોર' જ સાચું છે....

'શું ?'

'હા... ટંગ વૉર' કહેતાં 'જીભ યુદ્ધ' યાને કે 'જીભાજોડી' મતલબ કે વાતોની સ્પર્ધા જ હશે... અરે, એ જ હોવું જોઈએ કેમ કે બહેનો એમાં 'એક્ષપર્ટ' હોય છે.... માટે બહેનો નવી દિલ્હી ખાતે યોજાનાર 'ટંગ ઓફ વૉર'માં જ ભાગ લેવા જવાની હશે...'



'તમેય શું અંકલ, આડુંઅવળું બેટ ઘૂમાવે જાવ છો!'

'ટગ ઓફ વૉર' એટલે રસ્સા દોરડા ખેંચની સ્પર્ધાની જગ્યાએ લાલાકાકાએ 'ટંગ ઓફ વૉર'ને પોતાની રીતે 'ફીટ' કરી દઈને ચલાવવા માંડ્યું એટલે અમારાથી બોલાઈ ગયું...

પણ રેડ અંકલ આજે જાણે આદુને બદલે શિવરાત્રીનાં શક્કરિયાં ખાઈને મંડ્યા હોય એમ આગળ ચલાવ્યું : 'પનુભાઈ, મહિલાઓની ટંગ-જીભ ચલાવવાની મતલબ કે વાતો કરવાની કળા આગળ આપણો ભાઈલાઓનો કોઈ 'કલાસ' નહીં, હોં પણ સાલું, આ નવી દિલ્હીમાં બહેનો-બહેનોની જ ટીમો વચ્ચે 'ટંગ વોર - જીભાજોડી' ની કોમ્પિટિશન જોવાની મજા પડે હોં... આને તો 'શેર ને માથે સવાશેર' કહેવું કે, 'ચોરમાં પડ્યા મોર' કહેવું એ સમજાતું નથી!'

'અંકલશ્રી, અત્યારે તો તમે 'ટગ' ને 'ટંગ' માં ફેરવી દઈ બહુ ટંગ-જીભ ચલાવી રહ્યા છોં!'

'પણ ભાઈ, મારી વાત ખોટી છે?' ના,ના.... તમે જ કહો. તમે કોઈ પુરુષને 'મારે મોડું થાય છે... મને ટાઈમ નથી...' એવું કહીને અડધો કલાક વાતો કર્યે રાખતો જોયો છે?' ચાલો ત્યારે હું જાઉં....' કહીં, કોઈના ઘરનાં ડ્રોઈંગરુમનાં સોફામંથી ઊઠીને, મેઈન ડોર પાસે બીજી પંદર મિનિટ ઊભા રહી જઈને, વાતોનાં વડા કર્યા પછી પછું 'ચાલો, બહુ વાતો કહીં, હોં... હવે જાઉં જ... આવજો...' કહી પાછા ઘરના ઓટલે 'સ્ટેશન' કરીને, કોઈ નવા જ 'ટોપિક' ઉપર બીજી આઠ-દસ મિનિટ વાતો કરનારા ભાઈઓને જોયા છે? પનુભાઈ, આ 'માસ્ટરી' - આ 'ટંગ આર્ટ' તો બહેનોને જ વરેલી હોય છે!'

'બસ, અંકલ, બસ... હજી હમણાં જ 'વિશ્વ મહિલા દિન' ઉજવાયો છે... મહિલાઓ તમારી આવી વાત સાંભળીને બહેનોને ખોટું લાગી જશે તો આપણો 'ભઈલા દિવસ' ઊજવી નાખશે! બહેનો વિશે બહાર જાહેરમાં આવું ન બોલાય, સમજ્યા?

'તો શું કરું? ઘરમાં તમારી કાકી બોલવા નથી દેતી.... તો શું કરવું ? મારે ઘર અંદર-બહાર બધે 'મૈં ચૂપ રહુંગા જ' કહેવાનું ?

'હોય, કાકા, ચાલ્યા કરે એ તો પરંતુ તમે બહેનોની 'ટંગ વૉર' કે 'જીભાજોડી' ની વાત કરો છો તે એ હકીકતે એમની આગવી કળા છે. કુદરતી બક્ષીસ સમી વાતો કરવાની આવડત થકી જ ઝડપથી આડોશ-પાડોશમાં, નવી જગ્યાએ ગયાં હોઈએ ત્યાં, પરિવાર કેળવી ઘર જેવા સંબંધો બાંધી દઈ શકે છે ને! નવા પાડોશી સાથે આપણે ભાઈઓ પરિચય કહીએ - ઘરોબો કેળવીએ તેના કરતાં બહેનો ઝડપથી ને સરસ રીતે આ કામ કરી દેતી હોય છે, એ ખબર છે ને, અંકલ ? આ તેમની 'ટંગ - જીભ કળા'ને આભારી છે. અને એમને કયારે 'મૌન' રહેવું એ કળાય આવડતી હોય છે.

'હાં, હોં.... એ વાત સો ટકા સાચી... અરે, ટ્રેઈન-બસની મુસાફરીમાં પણ સાથી પેસેન્જર્સ જોડેય આપણો મહિલા વર્ગ જ કેવી સરસ ઓળખાણ કરી લેતો હોય છે...' આખરે લાલાકાકાએ બહેનોની વાતચીત કળાને હકારાત્મક રીતે લઈને વખાણી એથી અમને આનંદ થયો...

ત્યાં જ પાછા એમણે શરૂ કર્યું : 'પનુભાઈ, તમને પેલો જૉક ખબર છે? એક બહેન એમના હસબન્ડને લઈને ડૉક્ટર પાસે ગયાં... ડૉક્ટરે પૂછ્યું : 'બોલો, શું તકલીફ છે?' બહેન કહે : 'ડૉક્ટર, મારા એમને રાત્રે ઊંઘમાં બબડવાનો રોગ થયો છે.... એની દવા આપો.' 'બહેન, તમારા એમને દિવસ દરમિયાન થોડું થોડું બોલવાનો ચાન્સ આપતાં રહેશો તો તેમનો ઉંઘમાં બબડવાનો રોગ મટી જશે. અનુભવી ડૉક્ટરે તરત ઈલાજ બતાવ્યો.' અંકલનો જોક સાંભળી અમારાથી હસી પડાયું... તેથી તો રેકઅંકલ ઓર કલરમાં આવી જઈ આ બાબતે જ વધુ કંઈક લોચા મારવા ઉત્સુક થયા... અમે એમને રોકવા કહ્યું : 'અંકલ, હવે આપણે આ ટોપિક બંધ કરીએ....જો તમારી કોમેન્ટ્સ ઘરમા 'અંદર મહિલા વર્ગ સુધી સંભળાઈ ગઈને તો તમારી આજની - અત્યારની જ નહીં, રોજ અહીં અમારે ત્યાં મળથી ચા કેન્સલ થઈ સમજજો.'

'હેં?' કહેતાં મફતિયા ચાના શોખીન રેડ અંકલ મોં-નાક પર આંગળી મૂકી બોલી ઊઠ્યા : 'તો તો ભાઈ, સારી છે આપણી સબસે બડી ચૂપ....'